**<u>આંક – ૧ લગત હુકમ</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ આંક–૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ –૬૬(૧)(બી),૬૫(એ)(ઈ),૧૧૬(બી),૯૮(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજૂ થતાં તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની ચાર્જ/પ્લી વાંચી સંભળાવી, સમજાવતાં, આરોપીઓએ ગુનાની કબૂલાત કરવાની પુરશીસ રજૂ કરી, સ્વૈચ્છાએ ગુનો કબૂલ કરેલ છે.

(૨) હાલના કામે આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એક્ટ, ૧૯૪૯ ના નવા સુધારા (ગુજરાત ઓર્ડીનન્સ નં.૭/૨૦૧૬, તા.૧૦ ડિસેમ્બર, ૨૦૧૬) અન્વયે સુધારેલી કલમ–૬૫ (ઈ) મુજબનો ગુનો દાખલ થયેલ છે. સદરહું કલમની જોગવાઈ ધ્યાને લેતાં નીચે મુજબ દર્શાવેલ છે.

**<u>કલમ–૬૫–કેફી પદાર્થ અથવા ભાંગ–ગાંજાના ગેરકાયદેસર આયાત વિગેરે માટે શિક્ષા :</u>**

જે કોઈ વ્યકિત આ અધિનિયમની જોગવાઈઓનું કે તેની બે બનાવેલ નિયમો, નિયમનો અને હુકમો અથવા તે નીચે અપાયેલ લાઈસન્સ, પરમીટ, પાસ અથવા અધિકારપત્રની ભંગ કરી :

ઈ. (અફીણ સિવાયનો બીજો) કેફી પદાર્થ અથવા ભાંગ–ગાંજો (કબજામાં રાખે, હેરફેર કરે, વેચે અથવા ખરીદે),અથવા તેને દોષિત ઠર્યે, આવા દરેક ગુના માટે, કેદ જે દસ વર્ષ સુધી લંબાવી શકાશે અને દંડ, જે રૂ. પાંચ લાખ સુધી લંબાવી શકાશે તે સજા થશે. એવી જોગવાઈ કરવામાં આવે છે કે, ન્યાયાલયે ચુકાદામાં વિરૂધ્ધના વિશિષ્ઠ અને પૂરતાં કારણો જણાવવાના અભાવે–

(૧) પ્રથમ ગુના માટે, આવી કેદ બે વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ એક લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ.

(૨) બીજા ગુના માટે, આવી કેદ ત્રણ વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ બે લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ.

(૩) ત્રીજા અને ત્યાર પછીનાં ગુના માટે, આવી કેદ સાત વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને આવો દંડ પાંચ લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ.

હાલનાં કેસમાં આરોપી વિરૂધ્ધનું તહોમત જોતાં ........../– રૂપિયાના પ્રોહીબીશન મુદ્દામાલ સાથે આરોપી પકડાયેલ છે. જેથી આરોપી વિરૂધ્ધ ગુનાનું તહોમત જોતાં આરોપી પાસેથી મળી આવેલ જથ્થો અલ્પ માત્રાનો ( lesser quantity of intoxicant ) જણાય છે. જે સબબ સુધારેલા પ્રોહીબીશન કાયદાની કલમ–૬૫ (એ) (એ) ધ્યાને લેતાં નીચે મુજબ દર્શાવેલ છે.

**<u>કલમ–૬૫(એ)(એ) – અલ્પ માત્રામાં કેફી પદાર્થ કબ્જામાં રાખવા વિગેરે માટે શિક્ષા :</u>**

કલમો–૬૫ અને ૬૬ માં ગમે તે મજકુર હોય તે છતાં, જે કોઈ વ્યકિત, રાજય સરકારે રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જથ્થાથી ઓછા જથ્થામાં કોઈ કેફી પદાર્થ વેચે, ખરીદે , કબ્જામાં રાખે અથવા હેરફેર કરે, તેને દોષિત ઠર્યે આવા દરેક ગુના માટે કેદ જે ત્રણ વર્ષની મુદત સુધી લંબાવી શકાશે અને દંડની સજા પણ થશે.

હાલના કામે તપાસ સંસ્થા દ્વારા પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)(બી),૬૫(એ)(ઈ),૧૧૬ (બી), ૯૮(૨) મુજબનું ચાર્જશીટ કરેલ છે, પરંતુ ફરિયાદીની હકીકત તથા આરોપી પાસેથી મળી આવેલ પ્રોહીબીશન મુદ્દામાલના જથ્થાનું પ્રમાણ જોતાં, અલ્પ માત્રાનો જથ્થો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવેલ છે. જેથી આંક–૧ તળે વિસ્તૃત હુકમ કરીને હાલના આરોપી વિરૂધ્ધ કલમ–૬૫ એએ અન્વયે તહોમતનામું ઘડવામાં આવેલ છે.

હાલના કામમાં આરોપી વિરૂધ્ધ આ જ પ્રકારના અગાઉ કોઈ ગુના સબબ પૂર્વદોષસિધ્ધિ નથી અને હાલના આરોપીએ સ્વેચ્છાએ કોઈપણ પ્રકારની ધાક, ધમકી, દાબ–દબાણ વગર કબૂલાત કરવાની રજૂઆત કરેલ છે. જેથી આરોપીની સ્વૈચ્છિક કબૂલાત નહિ માનવાને કોઈ કારણ જણાતું નથી.

(૩) આમ, હાલના કામમાં આરોપી સ્વૈચ્છિક ગુનાની કબૂલાત કરે છે. આરોપી ગરીબ વર્ગના તેમજ કુટુંબમાં એક જ કમાનાર વ્યકિત છે / યુવાન વયના / વૃધ્ધ ઉંમરના / સ્ત્રી આરોપી છે અને ફરીવાર આવો ગુનો નહિ કરવાની ખાતરી આપી, સુધરવાની તક આપી, દયાની માંગણી કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજૂઆત કરેલ છે અને આરોપીએ સ્વૈચ્છિક કબૂલાત કરેલ છે.

હાલના કામે ઉપરોકત કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આરોપી પાસેથી મળી આવેલ પ્રોહીબીશન મુદ્દામાલ અલ્પ માત્રાનો હોવાનું પ્રથમ દર્શનીય જણાય આવે છે. જેથી આરોપી સામેનો ગુનો નજીવો ગુનો (પેટી ઓફેન્સ) છે, આરોપી ગરીબ માણસ હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૨૦૦૫ના સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરના ચુકાદાને લઈ, આરોપીની કબૂલાત તથા ગુનાના સંજોગો ધ્યાને લેતાં તથા સુધારાલક્ષી શિક્ષાની વિચારસરણી ( Reformative Theory of Punishment ) ના સિધ્ધાંતને ધ્યાને રાખતા આરોપીને ન્યુનતમ કે મહત્તમ સજા નહિ કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાતુ હોઈ, આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–// આખરી હુકમ //–**

આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી),૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૯૮(૨) હેઠળના શિક્ષાનેપાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂપિયા ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન– ૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ટ્રાયલ દરમ્યાન આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અન્વયે વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૪
અમદાવાદ.

(કુ. રૂચિતા વિકાસ રાજે)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૮,અમદાવાદ.
કોડ નં.જી.જે.૦૧૦૪૮